ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૯ ટકા

ગાંધીનગર તાપમાન

નવા સેકટરોમાં વારંવાર પાણીનો ફોર્સ ઓછો હોવાની ફરિયાદો ઉઠતી રહે છે ત્યારે સેકટર-૬માં ધારાસભ્યોના રહેણાંક વિસ્તાર નજીકની ફોરેસ્ટની જગ્યાએ ઝાડીઓમાં વાલ લીકેજના કારણે પાણીનો ભરાવો થતા તળાવ સર્જાયું છે અને જેના લીધે ગંદકી પણ વધતી જાય છે.

શહેરમાં સે-૧૨ ખાતે બુધવારે જગ જલિયાણ ધામની સ્થાપના થશે

ગાંધીનગર, તા.૩૧

શ્રી મુકતા ગૌરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે-૧૨ સ્વજન ગૃહ ખાતે જલારામ બાપાની મૂર્તિ નો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તારીખ ૧ ફેબ્રુઆરીથી ૩ ફેબ્રુઆરી સુધી યોજાનાર છે. જે અંતર્ગત જલારામ બાપાની મૂર્તિની સ્થાપના જલારામ બાપાના સમર્થ ગુરૂ ભોજલરામ બાપા ફતેપુર ગાદીપતિ મહંત શ્રી ભક્તિરામ બાપાના કરકમળો દ્વારા તારીખ ૩ ફેબ્રુઆરી ના રોજ થશે. આ ઉપરાંત પ્રાઈમ મિનિસ્ટરના ભૂતપૂર્વ પી.આર.ઓ જગદીશભાઈ ઠક્કરના સ્ટેચ્યુ અનાવરણ પણ આ જ દિવસે તેમના પૌત્ર પલાશ ઠક્કરના હસ્તે કરવામાં આવશે. તારીખ ૧ ફેબ્રુઆરીના રોજ સવારે સાત અને પંદર મિનિટે ગણેશ સ્થાપના અને કળશ સ્થાપન, તારીખ ૨ ફેબ્રુઆરી ના રોજ સાંજે ચાર વાગ્યાથી પાંચ કલાક સુધી સત્યનારાયણ ભગવાનની મહાપૂજા આજ દિવસે રાત્રે ૧૦ થી ૧૧:૩૦ દરમિયાન રામ બાપાના ભજન સંધ્યા તથા તારીખ ૩ ફેબ્રુઆરી ના રોજ ૮:૧૦ થી નવ વાગ્યા દરમિયાન ખોડીયાર મંદિર થી જલારામ મંદિર સુધી શોભાયાત્રા, સવારે નવથી સાડા પાંચ વાગ્યા દરમિયાન પ્રતિષ્ઠા ૦૫:૩૧ વાગ્યે શ્રીફળ હોમ વિધિ ૦૫:૪૦ વાગ્યે ધ્વજા રોહન, ૦૫:૪૫ વાગ્યે જગદીશભાઈની સ્ટેચ્યુ પ્રતિમાનું અનાવરણ, સાંજે છ થી ૬:૩૦ વાગ્યા સુધી બહારથી અને થાળ સાંજે છ વાગ્યે મહેમાનનું સ્વાગત અને રાત્રે ૮ વાગ્યાથી ૧૦:૦૦ વાગ્યા દરમિયાન મહાપ્રસાદ યોજાશે . મુકતાગૌરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમ સ્વજન ગૃહ જલારામ સદાવ્રત સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ સેક્ટર-૧૨ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં સોમનાથ મંદિરના ટ્રસ્ટીથી લઈને સમગ્ર લોહાણા સમાજ સાથે નામચીન વ્યક્તિઓ હાજર રહેશે.

પેથાપુરમાં ડમ્પીંગ સાઈટ રદ કરવા અમિત શાહને ઈમેલ કરાયો



ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં સમાવિષ્ટ પેથાપુર ખાતે ડમ્પીંગ સાઈટ માટે ફાળવવામાં આવેલી લેન્ડ ફિલ્ડનો સ્થાનિક રહીશો દ્વારા વિરોધ કરાઈ રહ્યો છે અને હવે આ વિરોધ સોશ્યલ મિડીયા પર પણ શરૂ થવા સાથે સ્થાનિક સાંસદ તથા કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ સુધી પહોંચ્યો છે. પેથાપુરમાં વિવિધ સોસાયટીઓ તથા શેરીઓમાં ડમ્પીંગ સાઈટનો વિરોધ વારંવાર પ્રગટ કરવામાં આવી રહ્યો છે અને નાગરિકો દ્વારા વિરોધ પ્રદર્શન માટે નીત નવી નીતિ ઘડવામાં આવી રહી છે જે અંતર્ગત રહીશોએ રાજયના મુખ્યમંત્રી, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ તથા કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહને સ્થાનિક સાંસદ હોવાના નાતે ઈમેલ કરીને લેન્ડ ફિલ્ડની ફાળવણી રદ કરવા માંગ કરવામાં આવી રહી છે.

મહાનગરના વિવિધ વોર્ડમાં ભાજપા કાર્યકર્તાઓ દ્વારા 'મન કી બાત' કાર્યક્રમને સાંભળવાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દર મહિનાના છેલ્લા રવિવારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા અલગ અલગ વિષયો, મુદ્દાઓ અંગે દેશવાસીઓ સાથે મનની વાત કરે છે, જે સૌ નાગરિકો માટે પ્રેરણાદાયી હોય છે. ગાંધીનગરના પ્રત્યેક બુથમાં ભાજપા કાર્યકર્તાઓ દ્વારા તેમના નિવાસસ્થાને 'મન કી બાત' સાંભળવાનું આયોજન કરવામાં આવે છે ત્યારે આજરોજ શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટે વોર્ડ નં. ૬ ખાતે ઉપસ્થિત રહી વડાપ્રધાનશ્રીનો 'મન કી બાત' કાર્યક્રમ નિહાળ્યો હતો. આ પ્રસંગે પૂર્વ શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ(દાસ), મહામંત્રીશ્રીઓ ગૌરાંગભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિત શહેર સંગઠનના પદાધિકારીશ્રીઓ, અગ્રણીશ્રીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનગરના વિવિધ વોર્ડમાં કાર્યકર્તાઓ દ્વારા બુથમાં 'મન કી બાત' કાર્યક્રમને નિહાળવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આઈઆઈટીના પ્રોજેકટ આઈઝેક શોકેસમાં વિદ્યાર્થીઓએ લૉકડાઉન સંદર્ભે રચનાઓ રજૂ કરી

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન આઈઆઈટી ગાંધીનગર દ્વારા ૨૯ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ એક આકર્ષક અને મનોરંજક ઈવેન્ટ, 'પ્રોજેક્ટ આઈઝેક શોકેસ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ભારતમાં કોવિડ -૧૯ પ્રેરિત લોકડાઉન દરમિયાન તૈયાર કરાયેલી શ્રેષ્ઠ અને સર્જનાત્મક કૃતિઓને પ્રદર્શિત કરવામાં આવી હતી. 'પ્રોજેક્ટ આઈઝેક શોકેસ' દ્વારા આ મુશ્કેલ સમય દરમિયાન વિદ્યાર્થીઓએ દર્શાવેલી સ્થિતિસ્થાપકતા અને સર્જનાત્મક અભિવ્યક્તિને લાઈવ મ્યુઝિકલ પર્ફોમન્સ, કાવ્ય પઠન, સ્કેચ અને પેઈન્ટિંગ્સનું વર્ચુઅલ ગેલેરી વૉકથ્રુ, ક્વિઝ, અને ઈનામો સાથે સન્માનવામાં આવી છે, જેનાથી તે એક યાદગાર સાંજ બની ગઈ હતી. સંસ્થાને કવિતા, ટૂંકી વાર્તાઓ, સ્કેચ, પેઈન્ટિંગ્સ અને મલ્ટિમીડિયા ઓડિઓ-વિઝ્યુઅલ્સની પાંચ વ્યાપક શ્રેણી હેઠળ 'પ્રોજેક્ટ આઈઝેક શોકેસ' માટે ૭૬ એન્ટ્રીઝ મળી હતી. સ્કેચ અને પેઈન્ટિંગ્સમાં માનવીય લાગણીઓ, પ્રકૃતિની સુંદરતા, પૌરાણિક કથાઓ અને વિવિધ એનિમેશન પાત્રોને કંડારવામાં આવ્યા હતા. કવિતા દ્વારા, વિદ્યાર્થીઓએ જીવન, પ્રેમ, કોવિડનો સમય, કેમ્પસ જીવન, પર્યાવરણ અને પ્રકૃતિ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા લખાયેલી ટૂંકી વાર્તાઓ આપણને ઓળખ, ક્વોરેંટાઈન, ટાઈમ ટ્રાવેલ વગેરેની સફરે લઈ જાય છે અને મલ્ટિમીડિયા ઓડિઓ-વિઝ્યુઅલ એન્ટ્રીઝમાં રૂબ ગોલ્ડબર્ગ મશીનથી લઈને વિઝ્યુઅલ લવ સ્ટોરીઝ, કોઓર્ડિનેટેડ ડાન્સ વિડિઓઝ અને ગીતોમાં પણ વિવિધતા હતી.

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા પદયાત્રા યોજીને આગામી મહાનગર પાલિકાની ચુંટણીઓ માટે પ્રચાર કાર્ય કરવામાં આવ્યું હતું. પદયાત્રા દ્વારા પાર્ટીના હોદ્દેદારો તથા કાર્યકરોએ સ્થાનિક ઉમેદવાર સાથે મળીને ઉત્સાહપૂર્વક ભાગ લેવા સાથે મતદારોનો વ્યકિતગત સંપર્ક સાધી પોતાની વાત વ્યકત કરી હતી.

ફેસબુક પર યુવકના વેપાર વિરૂધ્ધ ખરાબ લખનાર ખુદ તેનો કૌંટુબિક ભાઈ

શહેરમાં ખાનગી કોચીંગ કલાસીસ ચલાવતા અને વાવોલ વિસ્તારમાં રહેતો યુવક પોતાના માતા-પિતા અને પોતાની ૮ વર્ષિય દિકરી સાથે રહે છે

ગાંધીનગર, તા.૩૧

ફેસબુક એકાઉન્ટમાં યુવક અને તેના વેપાર વિરૂધ્ધ ખરાબ લખાણ લખ્યું હતું. જેથી યુવકે આ ફેસબુક આઈડી ચેક કરતા તેના કૌંટુબિક ભાઈનું નીકળ્યું હતું. જેથી યુવકે ફોન કરતા તેણે ઉપાડ્યો ન હતો અને થોડીવાર પછી સામેથી ફોન કર્યો હતો. જેમાં કૌંટુબિક ભાઈએ જણાવ્યું હતું કે ફેસબુક પર પોસ્ટ મે જ મુકી છે અને હજુ વધારે પોસ્ટ મુકી તને બદનામ કરીશ. સમગ્ર મુદ્દે યુવકે પોતાના કૌંટુબીક ભાઈ સામે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં ખાનગી કોંચીગ કલાસીસ ચલાવતા અને વાવોલ વિસ્તારમાં રહેતો યુવક પોતાના માતા-પિતા અને પોતાની ૮ વર્ષિય દિકરી સાથે રહે છે. જયારે યુવકની પત્ની બે વર્ષથી પિયરમાં રહે છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ સપ્ટેમ્બર-૨૦૨૦માં જીગ્નેશ શુકલા નામના ફેસબુક એકાઉન્ટમાં યુવક અને તેના વ્યવસાય સામે ખરાબ લખ્યું હતું. જેથી યુવકે ચેક કરતા ફેસબુક આઈડી તેના કૌંટુબીક ભાઈ જીગ્નેશ શુકલા (રહે.એન-૫૪ વાવોલ)નું હતું . જેથી યુવકે તેને ફોન કરતા તેણે ઉપાડ્યો ન હતો. ત્યારબાદ કોલ કરીને જીગ્નેશે કહ્યું હતું કે ફેસબુક પર મેં જ પોસ્ટ મુકી છે અને હજુવધારે પોસ્ટ મુકી તેને બદનામ કરીશ. યુવકે આ પ્રકારનું વર્તન કરવાનું કારણ પુછતા તેણે તું તારી પત્નીને છોડી દે અને તેને છુટાછેડા આપી દે અને જે પૈસા માંગે છે તે આપી દે. તે દિવસે જીગ્નેશ શુકલાએ યુવકને ફેસબુક મેસેન્જર પર ધમકીઓ આપીને માતા-દિકરી વિશે અપશબ્દો લખ્યા હતા.

વર્ષ ૨૦૧૮ માં યુવકનો સરગાસણ ખાતે આવેલ ફલેટ વેચવામાં જીગ્નેશે મદદ કરી હતી. જેની દલાલીના રૂપીયા તે માંગતો હતો. જયારે યુવકના કહેવા પ્રમાણે ફલેટ તેણે પોતાની રીતે વેચાણ કર્યો હતો. એટલે તે પૈસા આપવાના નીકળતા નથી. તે વાતની અદાવત રાખીને તેણે ડિસેમ્બર માસમાં ફોન કરીને યુવક સાથે ગાળાગાળી કરી હતી. તે ઉપરાંત ફેસબુક પોસ્ટ અંગે યુવકે સાયબર વિભાગમાં અરજી કરવા અંગે અને પૈસા મુદ્દે ધમકી આપી હતી. જેથી યુવકે ફેસબુક પોસ્ટના સ્ક્રિન શોર્ટસ અને ફોન પર થયેલી વાતચીતની ઓડીયો સીડી તૈયાર કરીને સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સે-૩ ન્યુમાં ૭૦ બાળકોને પોલીયોની રસી પીવડાવાઈ

ગાંધીનગરમાં પોલિયો રવિવાર સંદર્ભે નાના બાળકોને પોલિયોની રસીના ટીંપા પીવડાવવાનું આયોજન હાથ ધરાયું હતું. જેમાં શહેરના સેકટર-૩ ન્યુ ખાતે ૭૦ જેટલાં બાળકોને પોલિયો રસીનો ડોઝ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે સેકટર-૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા સહિત અગ્રણીઓએ ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન તથા પ્રોત્સાહન પુરું પાડયું હતું.

જન્મદિને વધામણી

સુખલાલ બાબુરાવ ભોપે
મો. ૯૯૦૯૫ ૬૫૨૬૦

કિશન પ્રદીપકુમાર ભોપે
મો. ૯૮૨૪૪ ૨૮૨૭૪



ત્રિવેદી શ્વેત પિયુષકુમાર
મો. ૮૪૦૧૪ ૪૦૩૭૫

શિક્ષક તેના કાર્યમાં સફળ થાય તો એક આખી પેઢીને તારી શકે...!!

ગાંધીનગરનું એક એવું શિક્ષક દંપતિ જેણે બાળકોમાં શિક્ષણ સાથે સેવાના સંસ્કારોનું સિંચન કર્યું : ૮૦ના દાયકામાં આંતરજ્ઞાતિય લગ્ન કરનાર આ દંપતિ નિવૃત્તિ પછી પણ પોતાના વિદ્યાર્થીઓ સાથે સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું છે

ગાંધીનગર, તા.૩૧

જીંદગી અનિશ્ચિતતાઓના સરવાળાનું નામ છે, તમે ઈચ્છો કંઈક અને હકીકતમાં થાય કંઈક જુદું તેનું નામ જીંદગી, પરંતુ જે પણ પરિસ્થિતિ થાય તેને સ્વીકારીને તેમાં શકય હોય તેટલું વધું સારું તે પણ સંપૂર્ણ આનંદ સાથે કરવાનો પ્રયાસ કરો તે જ મહત્વનું છે. ગાંધીનગરના એક નિવૃત્ત શિક્ષક જેમને બાળપણથી ડૉકટર બનીને સમાજ સેવા કરવાની મહેચ્છા હતી પરંતુ સંજોગોવસાત તેઓ ડૉકટર ના બની શકયા તો તેમણે બીજા નંબરે શિક્ષક બનવાની પ્રાથમિકતા વિચારી રાખી હતી તે મુજબ શિક્ષક બની ગયા અને શિક્ષક તરીકે પોતાના વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સેવાના સંસ્કારનું પણ સિંચન કર્યું છે. તેઓ કહે છે કે જીવનમાં મને વારા વાંચને માર્ગ દેખાડયો જેમાં મેં એકવાર કયાંક એવું વાંચ્યું હતું કે 'એક ડૉકટર નિષ્ફળ જશે તો કેટલાંક દર્દીઓની જીંદગી બગાડશે પરંતુ જો એક શિક્ષક નિષ્ફળ જશે તો એક આખી પેઢી નિષ્ફળ જશે, શિક્ષક તેના કામમાં સફળ થાય તો આખી પેઢીને તારી શકે છે.'

ગાંધીનગરના સેકટર-૪-ડીમાં રહેતા નિવૃત્ત શિક્ષક નરેન્દ્રભાઈ સી. પટેલ જેઓ એન.સી. પટેલના નામથી જાણીતા છે અને તેમના શિક્ષિકા ધર્મપત્નિ વસંતબેન જે. પારેખ જેઓ વી.જે. પારેખના નામથી ઓળખાય છે, બંનેએ રૂઢિચુસ્ત કહી શકાય તેવા ૮૦ના દાયકાના સમયમાં ગ્રામ્ય વિસ્તારમાં કારકિર્દીની શરૂઆત સાથે સાથે આંતરજ્ઞાતીય લગ્ન કરીને આરંભેલું સહજીવન આજ

પર્યંત એકબીજાને પૂરક બનીને જીવવા સાથે પોતાના વિદ્યાર્થીઓમાં સંસ્કાર સિંચન સાથે સાર્થક કર્યું છે. લીંબડી તાલુકાના જાંખણ ગામમાં રહેતા બંનેએ અભ્યાસ દરમ્યાન એકબીજા સાથે જીવવાનો નિશ્ચય કરી લીધો હતો. એન.સી. પટેલ પોતાના છ ભાઈ-બહેનના પરિવારમાં મોટી બહેન પછી બીજા નંબરે સૌથી મોટા પુત્ર હતા અને ખેડૂત પિતાની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી પોતાના કાકા-કાકી સાથે રહીને ભણ્યા હતા જયારે વસંતબેન નાની ઉંમરે પિતાને ગુમાવી ચુકેલી ત્રણ બહેનો અને માતા સહિતના જૈન પરિવારના દિકરી છે. એન.સી. પટેલને ડૉકટર બની સમાજસેવા કરવી હતી પરંતુ તેઓ તેમાં સફળ થયા નહીં એટલે કોમર્સમાં પોસ્ટ ગ્રેજયુએશન કરીને બીએડ કરી લીધું અને પોતે નિયત કરેલી

બીજી પ્રાથમિકતા મુજબ શિક્ષક બની ગયાં. હાઈસ્કૂલ સમયથી પારિવારિક સંબંધો ધરાવતા નરેન્દ્રભાઈ અને વસંતબેન વચ્ચે હોસ્પિટલમાં સંબંધ વધુ ગાઢ બન્યો જયારે નરેન્દ્રભાઈના કાકી અને વસંતબેનના માતા એક સાથે બિમાર હતા. પરિવાર અને સમાજના હળવા વિરોધ પછી પારિવારિક સંમતિ સાથે બંનેએ કોલેજકાળ દરમિયાન જ વિધિવત લગ્ન કરી લીધા પરંતુ બંનેનું પ્રાધાન્ય કારકિર્દી તરફ હતું. નરેન્દ્રભાઈને પોતે ભણવા સાથે પોતાના ભાઈઓને પણ ભણાવવા હતા જેના માટે પિતાએ આર્થિક અક્ષમતા દર્શાવી તેમને પણ ખેતીમાં જોડવાનો વિચાર કરી રાખ્યો હતો. જો કે તેને અવગણીને પણ પોતાના ભાઈઓને ભણાવવામાં નરેન્દ્રભાઈને પત્નિ વસંતબેનનો સાથ મળ્યો જેઓ પોતાને કોઈ ભાઈ ના હોવાથી દિયરોને જ ભાઈ માનતા હતા. બીજી તરફ વસંતબેનના માતાને તેમની અન્ય દિકરીઓના લગ્ન થઈ ગયા બાદ મૃત્યુ પર્યંત પોતાની માતાની જેમ સાથે રાખીને સંભાળ લેવા સાથે તેમના અવસાન બાદ પુત્રની જેમ પોતાના હાથે અગ્નિદાહ આપવા સુધીની જવાબદારી નરેન્દ્રભાઈએ નિભાવી હતી.

શરૂઆતમાં ઝાલાવાડના જ ગ્રામ્ય વિસ્તારમાં નોકરી મેળવનાર આ દંપતિની જયારે ૧૯૮૭માં દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ હતી તેવા સમયમાં ગાંધીનગર ખાતે બદલી થઈ હતી એને એન.સી. પટેલ સેકટર-૧૨ની સ્કૂલમાં અને વીજે. પારેખને સેકટર-૨૯ની સ્કૂલમાં નિયુકત કરવામાં આવ્યા હતા. અહીંથી એન.સી. પટેલે પોતાની સેવાકીય પ્રવૃત્તિઓ શરૂ કરી હતી જેમાં તેમને એનએસએસ યુનિટનો ચાર્જ મળતા તેમાં વ્યસન મુકિત અભિયાન, ગ્રામ સફાઈ, વૃક્ષારોપણ, પ્રૌઢ શિક્ષણ, કન્યા કેળવણી, જાગૃતિ વિષયક કાર્યક્રમો ઉપરાંત શિબિરનું સંચાલન સંભાળતા હતા. એકવાર અખબારમાં મુંબઈના એક ધનાઢય પરિવારના દિકરાએ પોતાનો જન્મદિવસ જરૂરિયામંદ બાળકોને રમકડાં વિતરણ કરીને ઉજવ્યો હોવાના સમાચાર બાળકોને વંચાવી પોતાના વિદ્યાર્થીઓમાં સેવાકાર્યો કરવાની ધગશ કેળવી હતી. આ પછી બાળકો પણ પોતાના જન્મદિવસ કે સારા પરીણામ વખતે બચતમાંથી ફંડ એકઠું કરતા જેમાં એન.સી. પટેલ જે બાળક જેટલો ફાળો આપે તેટલી જ રકમ પોતાના ખિસ્સામાંથી પણ ઉમેરીને તેનો બમણો ફાળો લખીને તેમનું પ્રોત્સાહન વધારતા હતા. આ નાણાંથી તેઓ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મદદ કરવી, ઝુંપડપટ્ટીમાં મિઠાઈ કપડાં વિતરણ કરવું, મુકબધિર કે પ્રજ્ઞા ચક્ષુ શાળામાં બાળકોને જમાડવા જેવા અનેક સેવાકીય કાર્યો કરતા હતા. એકવાર કમલેશ સીસોદિયા નામના વિદ્યાર્થીઓ પોતાની શાળાની અત્યંત નબળી આર્થિક સ્થિતિ ધરાવતી ત્રણ બાળાઓની મદદ માટે જણાવતા તેમણે બાળકો સાથે મળીને ત્રણેય વિદ્યાર્થીનીઓને નવા વસ્ત્રો પુરા પાડયા હતા. તેઓ દર રવિવારે કોઈકને કોઈક પ્રવૃત્તિ કરતા જેના કારણે પોતાના સંતાનોને ફરવા લઈ જવા માટે પણ સમય ફાળવી શકતા નહોતા પરંતુ તે બાબતનો વિરોધ કરવાને બદલે વસંતબેન તેમને સદકાર્યોમાં સહકાર આપતા રહેતા હતા. વસંતબેને પોતે પણ પોતાના સંતાનો બોર્ડમાં હોવા છતાં અન્ય બાળકોનું શિક્ષણ ના બગડે તે માટે એક પણ રજા લીધી નહોતી. દંપતિએ સીએલ રજાઓનો ભાગ્યે જ ઉપયોગ કર્યો હતો અને કયારેય ફોટો પડાવવાથી કે અખબારમાં નામ છપાવવાથી દૂર રહીને પોતાના વિદ્યાર્થીઓને જ આગળ કરતા રહેતા હતા. તેમના સાથી કર્મચારીઓથી માંડીને શિક્ષણ કચેરીના અધિકારી પણ તેમને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળી શકે છે તેવું માનવા છતાં તેમણે કયારેય તે માટે અરજી કરી નહીં, જો કે વસંતબેનને ભારત વિકાસ પરિષદ નામની સંસ્થાએ શ્રેષ્ઠ શિક્ષિકાનું પ્રમાણપત્ર સામે ચાલીને આપ્યું હતું.

નિવૃત્તિ પછી પણ પોતાના વિદ્યાર્થીઓ સાથે સંપર્કમાં રહીને આજે પણ ગૌ સેવા, પક્ષીઓને ચણ, પાણીના કુંડા વિતરણ, ધાબળા વિતરણ, પાણીની પરબ, કૂતરાને લાડુ, જરૂરિયાતમંદોને કપડાં-મિઠાઈ વિતરણ કરતાં રહેતા એન.સી. પટેલે ગ્રામ્ય વિસ્તારોમાં સ્વ ખર્ચે અઢળક પુસ્તકોનું દાન કર્યું છે. તેઓ કહે છે કે તેમનામાં રહેતા દયા-કરૂણા અને સેવાના સંસ્કાર પોતાની માતાએ આપેલ છે અને આ સેવા કાર્યો કરી શકવા પાછળ પત્નિનો સાથ જવાબદાર છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ચૌહાણ જશુબા પ્રતાપજી, ઉ.વ. ૬૦, લીંબોદરા, તા. માણસા
- સ્વ. રાણા નવુબેન દશરથસિંહ, ઉ.વ. ૭૦, નવા ધરમપુર, તા. ગાંધીનગર
- સ્વ. બાલુબેન મોહનભાઈ કોલી ઉ.વ. ૮૩, અંબાપુર, તા. ગાંધીનગર
- સ્વ. પુજીબેન ડાહ્યાજી ઠાકોર, ઉ.વ. ૪૮, લેકાવાડા, તા. ગાંધીનગર
- સ્વ. માલાજી મણાજી ખાંટ, ઉ.વ. ૫૮, બોરીજ, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર બાબુજી મફાજી, ઉ.વ. ૫૨, રાંધેજા હુડકો, તા. ગાંધીનગર
- સ્વ. સુથાર પશીબેન પરસોત્તમદાસ, ઉ.વ. ૭૫, વરસોડા, તા. માણસા

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. પટેલ કાન્તાબેન મરઘાભાઈ, ઉ.વ. ૬૫, ઝુંડાલ, તા. ગાંધીનગર